**Gujarat Samachar (Plus)**

**February 23, 2017**
**Pg.3**

### ઉદ્યોગ સાહસિકતા પર ઈડીઆઈની ૧૨મી દ્વિવાર્ષિક કોન્ફરન્સનો પ્રારંભ

# નવીનીકરણ કેન્દ્રિત ઉદ્યોગ સાહસિકતા વિકાસશીલ દેશો માટે મહત્વપૂર્ણ છે

એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની ૧૨મી દ્વિવાર્ષિક કોન્ફરન્સનો બુધવારે કેમ્પસ ખાતે પ્રારંભ થયો હતો. વિશ્વના ૨૦ દેશના ૩૫ સહભાગીઓ સહિત કુલ ૧૭૦ સહભાગીએં કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. જેમાં તેઓ ઉદ્યોગ સાહસિકતાના અભ્યાસ અને નવીનીકરણના વિવિધ તકો અંગે ચર્ચા અને રિસર્ચ પેપર રજૂ કરશે. આઈઆઈએમ અમદાવાદના ભૂતપૂર્વ ડિરેક્ટર પ્રોફેસર પ્રદિપ ખંડવાલાએ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરતા કહ્યું કે, આ કોન્ફરન્સમાં આવરી લેવામાં આવેલા વિવિધ વિષયોને જોતા હું કહી શકું કે ઉદ્યોગ સાહસિકતાના સંશોધનનો યુગ શરૂ થયો છે પરંતુ હજુ તેમાં ઘણુ કામ કરવાનું બાકી છે. ઈડીઆઈઆઈ લાંબા સમયથી આ કોન્ફરન્સનું આયોજન કરતું આવ્યું છે. જે ઉદ્યોગ સાહસિકતાના સંશોધકો, પ્રેક્ટિશનર્સ અને શિક્ષણવિદોને તેમના વિચારો, માન્યતાઓ અને કામને નિષ્ણાંત સમક્ષ રજૂ કરવાનું પ્લેટફોર્મ આપે છે.




નવીનીકરણ કેન્દ્રિત ઉદ્યોગ સાહસિકતા વિકાસશીલ દેશો માટે મહત્વપૂર્ણ છે. જો કે, સંશોધનથી માલૂમ થાય છે કે આટલું પૂરતું નથી. જ્યારે નવીનીકરણ કેન્દ્રિત ઉદ્યોગ સાહસિકતા સાથે લાગણીઓને જોડવામાં આવે તો સામાજિક ઉદ્યોગ સાહસિકતાનો જન્મ થાય છે. જેનાથી સમાજ રચનાત્મક બને છે.